૫૯૨

दीपोत्सवीनो हर्ष
या
दीवाळी.



રચનાર
કવિ. મહાસુખરામ નરભેરામ.
છપાવી પ્રસિદ્ધ કરનાર
આચાર્ય. દલસુખરામ જેઠારામ.

અમદાવાદ
દાણાપીઠામાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં
ઠક્કર ચેતરામ હરીલાલે છાપી.

સને ૧૮૯૫. સંવત ૧૯૫૧.

કિંમત ૩૦-૦-૯.

૫૮૯૨

दीपोत्सवीनो हर्ष

या

दीवाळी.



રચનાર

કવિ. મહાસુખરામ નરભેરામ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

આચાર્ય. દલસુખરામ જેઠારામ.

અમદાવાદ

ઘાણાપીઠામાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં

ઠક્કર ચેતરામ હરીલાલે છાપી.

સને ૧૮૯૫. સંવત ૧૯૫૧.

કિંમત રૂ૦-૦-૯.

અર્પણપત્રિકા.

કુંડળિયા.

મહાશંકર કુળમાં મણી, વિબુધ બુલાખીદાસ.
આસિસ્ટંટ કલેક્ટર તણા, સિરસ્તેદાર પ્રકાશ;
સિરસ્તેદાર પ્રકાશ, રસિક નવ રસના જ્ઞાની;
ખાનદાન ખુબિવંત, નિપુણ નિર્મળ નિર્માની;
સુખદાયક લાયક સુભગ, શાન્ત સુશિલ નર સદ્ગુણી;
શત્ર ઉદિચ્ય દ્વિજ રત્ન એ, મહાશંકર કુળમાં મણી. ૧
આનંદી અર્પણ કરૂં, દિપોત્સવીનો હર્ષ;
પરમ નિશાની પ્રેમની, અમર રહે ઉત્કર્ષ,
અમર રહે ઉત્કર્ષ, ભલાઇનો સાગર ભાળ્યો;
મળતાં પ્રફુલે મન, તનનો તાપ પ્રજાળ્યો;
પ્રેમી પુષ્પ સુવાસમાં, ભ્રમર થઇ નિશદિન ફરૂં;
મહાસુખ મિત્રાચાર એ, આનંદી અર્પણ કરૂં. ૨

दीपोत्सवीनो हर्ष.

ગણપતિની સ્તુતિ.

છપય છંદ.

એક દંત ગજ વદન, સદન સુખ શોક સમાવન;
વરદ દરદ હર વિબુધ, શુદ્ધ સિધ બુધ પતિ પાવન;
વિઘ્ન હરણ વર વિમળ, સકળ સ્થળ મંગળ કારણ;
સુખદ ખલક સુત અલખ, અકળ ખળ બળ અરિ દાહન;
ગુણ નાયક લાયક અમર, અભય કરણ અશરણ શરણ;
પદ પંકજ વંદું પ્રથમ, મહાસુખ તું તારણ તરણ. ૧

હરિગીત છંદ.

વીતી વૃષ્ટા છીપી [illegible], સતુષ્ટ પુષ્ટ બની ધરા;
ધન ધાન્ય ત્રણ રસ [illegible] નવિન, ફળ ફૂલની પાકી સરા;
વાપીક કૂપ વિશાળ સર, સરિતા સુખદ સલિલે ભર્યાં;
ઉલ્લાસ એહ પ્રકાશવા, [illegible]ત્સવીના દિન કર્યાં. ૨
મંદાર પંકજ મોગરા, [illegible]મોલિ ચંપાની કળી,
પ્રફુલિત થયાં પુષ્પો [illegible] રહિ વાટિકાઓ બહુ ખિલી;
વહે સમિર મંદ સુગંધ [illegible]ળ, સ્વચ્છ નભ શોભે ઝરા.
ઉલ્લાસ એહ પ્રકાશવા, [illegible]સવીના દિન કર્યા. ૩
રાજા પ્રજામાં પ્રેમ પૂર[illegible]નિત સુખમાં રૈત ફરે,
ગત વર્ષ તો ઉત્કર્ષ સુખ [illegible]ર્વ નર નારી ધરે;
આલ્હાદ ઉદ્યમ આદમી, [illegible]ત કૂબે મનડાં હર્યાં,
ઉલ્લાસ એહ પ્રકાશવા, [illegible]વીના દિન કર્યાં. ૪

કર કઠણુ નહીં કૃષિકારને, વ્યાપારિ વૃદ્ધિ પામિયા,
કળ કુશળી જન કારીગરો, વસ્તુ વિજય પામિ વિરામિયા;
બદલાય સાલ અજીતની, મહાસુખ માનવિમનહરા,
ઉલ્લાસ એહ પ્રકાશવા, દીપોત્સવીના દિન કર્યા. ૫

મનહર છંદ.

શાણી સુખખાણી સારા સંસારે વખાણી જાણી,
પટરાણી પર્વની આ આલમ લોભાણી છે;
દશેરાના દિવસથી દુનિયાં જોતીતી વાટ,
એ દીવાળી આવી દ્યો વધાવી એવી વાણીછે;
રાજા ચહે રાંક ચહે ભોગી ચહે જોગી ચહે,
સાનંદે ફરેછે જે સુલોચનાઓ શાણીછે;
નવલ મુગ્ધાઓ કુણી કુસુમની કળીઓમાં,
ભમે નર ભ્રમર આ રસની ઉજાણી છે. ૬

કંચનનો ભાણુ રસ જાણુ ઉગ્યો આજ જાણે,
સજ્જનના વદનમાં જય જયકાર છે;
અહિમાં થયછે અમી વૃષ્ટિ પય પુષ્ટિની,
દુષ્ટિત ન કોઇ દૃષ્ટે આનંદ અપાર છે;
સ્નાન દાન કીધાં વિધવિધ નર નારિયોએ,
પરિધાન કીધાં પટ શોભિત શ્રંગાર છે;
બાણી ઠણી ફરે બાળકાં તો મહાસુખરામ,
પાંચ દિન દુર્લભ આ દેવ દરબાર છે. ૭

વિજયાની વડી સખી વિમળ વિલાસિનીના,
આનંદી દિવસ દુનિયામાં દિસી આવિયા;

ચાકર કે ઠાકર વ્યાપારી કે ભિખારી પણ,
વિદેશથી દોડી નિજ સદને સુહાવિયા;
સાસરે સુતાને વળી વળાવે સહર્ષ થકી,
સ્વગ્રહે સુવધુ તેડી દ્વાર તે દિપાવિયાં;
દીવાળીને માટે શેવ સુંવાળીને દહીંથરાં,
પાપડને પક્વાન્ન પેરનાં બનાવિયાં. ૮

ઉલટનો ઉદધી ઉછળી રહ્યો આલમને,
રૂડા રૂડા ઘાટ સોના રૂપાના ઘડાવે છે;
પુરૂષો રંગાવે રૂડી શિર તણી પાઘડીઓ,
ચતુરા રંગાવે દાંત ચુડલા મઢાવે છે;
કંચુકી કરાવી તંગ કામની કુરંગ નેણી,
રૂડા રૂડા રંગ આછા સાળુડે ચડાવે છે.
અમૃતનું પાન કરે પ્રિયા પતિ અધરથી,
લાડીલા તે લાડણીને લાડ તો લડાવે છે. ૯

ઘેર ઘેર કેસરના કસુંબા ઘોળાય અને,
લવિંગ સોપારી પાન ઈલાયચી આવે છે.
વરણાગીયા વિલોકે આયનામાં વાંકા વળી,
અતર ફુલેલ તેલ મુંછો એ લગાવે છે.
કરે ગાનતાન ખાનપાન લાલ લોક પુંજ,
નવ નવો નેહ ધરી નાયકા નચાવે છે,
ચતુરાઓ ચોટલામાં અત્તર સિંચાવે અને,
રૂમઝુમ કરતી ઝાંઝા ઝમકાવે છે. ૧૦

મનહર મંદિર ધોળાવ્યાં શેઠ શાહુકારે,
વિવિધ પ્રકારે ભવ્ય ભિંતોને રંગાવી છે.
ચિત્ત હર શોભા ચોક ચૌટાની બની છે ત્યારે,
દિવ્ય જેવી દુકાનોની ઓળને દીપાવી છે;
હાર હાર અગણિત દિપકની દિપે હાર,
લીલી પીળી હાંડીઓ લલિત લટકાવી છે;
ઝાડ ઝુમરૂખ અતિ આરસા ઈંડાં અમુલ્ય,
છોગાળાની છબીઓ ઝરૂખામાં ઝગાવી છે. ૧૧
અમરનાં આલય કે ભુવન ભંડારી સમ,
શોખીલાએ બેસવાની બેઠકો શોભાવી છે;
ઉપર જડી છે છટો ઉજ્વળ અમુલ્ય અને,
નિચે સારી સારી સેતરંજીઓ બિછાવી છે.
ટેકણના તકીયાને મશરની ગાદી રૂડી,
કોચ ખુરશીઓ વિચ ટેબલો મુકાવી છે;
મિત્ર તણી મંડળી મળીને ત્યાં ઉડાવે મોજ,
ગમત રમત રમે જેહને જે ભાવી છે. ૧૨
છોકરાં ફટાકા ફુલકણિયોને ફાળકાજ,
છોડે છે છછુંદરાં બપોરિયાંની બ્હાર છે;
નભમાં હવાઈ તારા ખરતાની ખુબી જાણે.
કોઠીઓ તો જાણે જ્વાળામુખી નિરધાર છે;
બહુ બહુ બંદુકના નોતમ થાય છે નાદ,
ચિચિવનું સૈન્ય જાણે તાજુબ તયાર છે;
વ્યાધીની ઉપાધીનો વિનાશ કરવાને જાણે,
કાંતરા તે ચક્ર જાણે ઈશ રક્ષનાર છે. ૧૩

ગવૈયા કરે છે ગાન તાન સુલતાન બની,
ગાન નરઘાનું શ્રવણને સુખકાર છે;
સમય પ્રમાણે રાગ રાગણી આલાપે ખટ
વાજાં વાગે વિવિધ સારંગીને સતાર છે.
તાલ કરતાલ તણા ચંગને ઉપંગ સંગ,
વાગે છે મૃદંગ વિણુ ઝાંઝ ઝમકાર છે.
છુમ છુમ છનનન છુમ છુમ છનનન,
તાધિન તાધિન ધીન થેઈ થેઈ કારછે. ૧૪
ધુવે ધન ધિમંત શ્રિમંત સેવે સારદને,
વ્હેંચે ગોળ ધાણા પાન ફોફળ શ્રીકાર છે.
ઇક્ષુક આરોગીને મેરૈયાંનો કરેછે ખેલ;
બાળકાં ગુરાવે તેલ હીંડે હારો હાર છે.
લક્ષમીને લાવવાને પ્રયાસ કરે છે લોક,
અજવાળિ આંગણાને ખુલ્લાં મેલે દ્વાર છે.
મોકળુ મુકેછે મન કૃપણ આ પરવમાં;
નકાર ન કરે ઉર સર્વનાં ઉદાર છે. ૧૫
કુસુમે સમારી સુખ રૂપ સેજ શયનની,
પ્રિયા પ્રતિ રમે રાસ ક્રિડા માંહી મનહર;
હાવ ભાવ અદાથી રહ્યો છે સતી પતિ રમી,
અમી ઝરે આંખથી લુટે છે રસ ભર ભર;
જળ હળે જ્યોત તો ઉદ્યોત સમ દીપકની,
અત્તરની છૂટે છે સુવાસના ત્યાં સર સર;
વૈભવ વિવિધ માણે માણીગર મન માન્યો,
ચહુનાં ચલાવે બાણ ચતુરા તો ચિત્તહર. ૧૬
જોગીને દીવાળી અને ભોગીને દીવાળી પણ,

ભોગીની દીવાળી એ દીપોચ્છવી પ્રમાણિએ;
બાળ ને દીવાળી અને વૃદ્ધ ને દીવાળી પણ,
તરુણની દીવાળી તે જય કારી જાણીએ;
વિધુની દીવાળી અને વાંઢાની દીવાળી પણ,
વરેલાંની દીવાળી તો વિશ્વમાં વખાણીએ;
રોગી ને દીવાળી ને નિરોગીની દીવાળી પણ,
રોગી ને વિયોગીની દીવાળી વૃથા માનીએ. ૧૭
મોહની ભરેલી જો મૃગાક્ષિ નથી માનની તો,
કામના બળેલ ને દીવાળી કશા કામની;
મૈયત વાળા ને દિલ સોચની દીવાળી વળી,
હામના હુલેલ ને દીવાળી છે દમામની;
સદનમાં નથી જેને સંપ તણું સુખ લેશ,
કલેશ છે વિશેષ તેને દીવાળી તો નામની;
ઉદ્યમ વિનાના નર આળસુ અભાગિયાને,
દીવાળી શી દીવાળી તો દુનિયામાં દામની. ૧૮
જેના સદનમાં હાસ્ય મુખી હરી વદની છે,
હળી મળી દંપતિ રહે દીવાળી તેની છે;
ઉદ્યમ ને ઇજ્જતમાં આદમી જે હોય પુરા,
સારી ઘેર સંપત્તિ રહે દીવાળી તેની છે;
જેને ઘેર અમલ ને અવની અધિક હોય,
સુજન લે સમ્મત્તિ સદા દીવાળી તેની છે;
પ્રજા પરિવારે જે પનોતા જન જગતમાં,
દ્વારે જોટવા દુઝણી સદા દીવાળી તેની છે. ૧૯
શૃંગાર સજીને સોળ સુકોમળ સુંદરીઓ,
દેવ તણાં દેવળમાં દરસને જાય છે;

હલકતી હીંડે હાર બંધ જાણે હાથણીઓ,
દુરથી દેવાંગનાનાં વૃંદ દરશાય છે;
જરકશી સાડીઓ તે ઝળકાટ મારી રહી,
ચારૂ ચમકારા જાણે ચપળાના થાય છે;
હીરા મણી મોતી તણા કંઠમાં વિરાજે હાર,
આનંદથી ઉર તો અનૂપ ઉભરાય છે. ૨૦
લલિત કટિઓ લચકાય વાએ થાય વાંકી,
કુસુમની કળિયોથી કોમળ જણાય છે;
લટકાળી લ્હેકતી મરાલ ચાલ મનહર,
ટીલડીના ઝબુકારે ઝાંખા ભાણુ થાય છે;
પુનમના ચંદ જેવાં વદન કદન દુખ,
મદન ભરેલી મદ માતી મલકાય છે;
ઝાંઝરનો ઝમકાર નેપુરનો ઠમકાર,
ઘુઘરીનો ઘમકાર શ્રવણે સુણાય છે. ૨૧

ઉદર સુંદર સર પોયણીનાં પાન જાણે,
કનક કળશ કુચ કામતણા કોટલા;
અણીયાળાં અમીઝર મૃગની સમાન દ્રગ,
પ્રેમદાની પાંપણો છે પ્રેમ તણા પોટલા;
ચંદનનાં છોડ જાણે વરણ સુવરણીનાં,
શેશની સમાન કેશ ચિત્ત ચોર ચોટલા;
મ્હેંકે અંગ રાગનો પ્રરાગ જાણે પંકજ છે,
અધર પ્રવાળી છે આરામતણા ઓટલા. ૨૨

કામણ ભરેલી કાળી કસબાળી કંચુકીઓ,

રૂપર ઝાંખા છે મોર મોહનીની જાળ છે;
મદનનાં બાણ જાણે ભ્રૂકુટીઓ ભમરની,
રસનાએ શારદા સદા વશી રસાળ છે;
નાશીકા તે શુક તણી ચાંચ જાણે ચિત્તચોર,
અરધ શશી સમાન સુંદર કપાળ છે;
કોકીલના સ્વર અને કંઠ તો કલાપી જાણે,
વાંકડી કટાક્ષ વડી વિષિખ બાળ છે. ૨૩

કુમ કુમ વરણી તો ચરણુની પાનીઓને,
આંગળીઓ મગ તણી ફળીઓ સુંવાળી છે;
કુંજરની સુંઢ જેવા હસ્ત હરી વદનીના,
કમળથી કોમળ તો કરની હથેળી છે;
કાળજ કોરાય એવાં કાજળ સાર્યાં છે આંખે,
મિનથી ચપળ માંહી રમે કીકી કાળી છે;
કદળીથી કોમળ તો ઉરૂ સ્થળ અનુપમ,
નખ ચળકતા હીરાકણીઓ રૂપાળી છે. ૨૪

દાડમની કળીઓના જેવી દિપે દંત હાર,
કનકની રેખાઓ ચળકે ચાર પાસથી;
મલપતે મુખે કરે મધુરી મધુરી વાત,
મનમથ મોહી રહે મંદ મંદ હાસ્યથી;
કાળી મેહવાળી બીનગીને સીધો સિંદુરનો;
અંગ મહેકે અતર ફુલેલના સુવાસથી,
કરમાં રૂમાલ રૂડે કીડીઆંની કોથળીઓ,
રંભાઓ ઉતરી જાણે અંબર આકાશથી. ૨૫

કંઠે કાળીગાંઠી તુશી મોટા મોતી તણી માળા,
કનકની કંઠીઓને હીરા તણા હારછે;
કરણે અકોટી ત્રોટી લોલકી લલિત વિચ,
નાસીકામાં નથનીઓ ધારી નિરધાર છે;
પોંચી લેરખાને વાંક કનકની કંગનીઓ.
આંગળીએ વેઢ અને વીંટી મુલદાર છે,
વાળે વાળે મોતીડાં પરોવ્યાં શીશ ફુલ શિરે;
ચરણમાં કલ્લાં કાંબી સાંકળાં શ્રીકારછે. ૨૬
સોળ શણગાર તણી વરણી ન જાય શોભા,
તરૂણીઓ જાય આવે જુવાનીના જોરમાં;
સ્વામી તણા સુખની કરેછે વાતો હસી હસી.
ત્રીભુવન તેજમાં અંજાય એવા તોરમાં,
અણીઆળી આંખનાં ચોપાસથી ઉડાડે તીર;
રતિપતિ રમી રહ્યો કીકીઓની કોરમાં,
અમરાપુરીથી શોભા અધિક આ અવનીમાં;
દીવાળી દીઠીછે બધી નારીઓના દોરમાં. ૨૭

અંજન ને મંજન તિલકને તંબોળ પ્રાગ,
કેશ ઉર વેશ ને કુસુમ તણા હારથી;
ચરણા ચોળીને ચીર ચાલ ચતુરાઇ ચારૂ,
અનૂપ યુવાની વળી સ્વરૂપ શ્રિંકારથી;
હાટક ના હાર હીરા રત્નથી જડિત રમ્ય,
અદા આવ ભાવ વાણી રંજન અપારથી;
મહાસુખ દીપે નહીં દારા પતિ પ્રેમ વિના,
સુંદરી તો શોભે છે સુનીતિના શ્રંગારથી. ૨૮

પાન તણી પીચકારી મારતા જુવાન જાય,
કુમકુમ તિલક કપાળે કીધા કોડેછે;
મિત્ર તણી મંડળીઓ મધ્યે રહે મલપતા,
કોઈ બેઠા ગાડીએ ને કોઇ બેઠા ઘોડેછે;
બાંકી પાઘડીઓમાં રાજે તોરા તેજદાર,
જરકશી જામાને દુશાલા ખેશ જોડેછે;
નાગપુરી ધોતીઆં ધર્યાંછે વરણાગીએ ને,
મુછડીના કેશ વાંકા કરથી મરોડે છે. ૨૫

લીલી લિલમાળી વાળી કરણુમાં ધારી કંઇએ,
કટીએ કંદોરા સોના રૂપાના સુહાવે છે;
કંચનની કંઠીઓ સુકંઠમાં વિરાજે વળી,
પંડિત સુશિલ ગુણ ગાન ગુણી ગાવે છે;
કરમાં કડાં ને વળી ઝળકતી જોંછિકાઓ,
આંગળીએ વેઢ વીંટી ચારૂ ચળકાવે છે.
ભાત્રે ગોળ ધાણા ફળ ફુલ પાન પ્રથમથી;
શ્રીફળ સોપારી વ્હોરી સર્વ ગૃહે આવે છે. ૩૦

ભોજન જમેછે ભાત ભાત તણાં ભાગ્યશાળી,
કમોદનો કુર દાળ કઢીને કંસાર છે;
બરફી જલેબી પેંડા ઘેબરને સુતરફેણી,
પચ પાક પુરીને શીખંડ કંડકાર છે;
મરકી મગજ માવો મેસુર મોદિક અને;
ઘેબર બાસુદી વડાં વેઢમી શીકાર છે.

કારેલાં કંકોડાં કોળાં વેગણુ બટાકા ભીંડા;
ફળ ફુલ મેવા ભલાં ભજ્યાં અપાર છે. ૩૧

ગુંઝાં ગલપાપડી ને સુખડી સુખદ શીરો,
ફગી કણુસાઈ દળ દહીંથરાં દહીં છે;
સજોરી કચોરી ગુંદવડાંને ગુંદરપાક,
ક્ષીર રોટલી તે બહુ ઘૃતમાં બોળાઇ છે;
ચણિયાં ચોખલીયાંને રાયતાં અથાણાં રૂડાં,
મોંઘા મોરબ્બાને ચાર ચટણીયો માંહીછે,
શકરપારાને સારી ધારી પોળા પાપડ તો;
બીરંજ આરોગી બહુ ફૂખો તો તણાઇ છે. ૩૨
પ્રજાપતિ પળે છે પરમ ઉરે પ્રેમ ધરી,
ગ્રાહકને ગ્રહે દેવા કુલડીને કોડીયાં;
કેશારી કરે છે ખુશી આરશી બતાવી આપ.
આપે વૈદ ક્યોલાંને છોડાવેછે દાઢીયાં,
કરમાં કંકાવટી ગ્રહીને વળી વાડવતા;
યજમાન રાજ ભણી આનંદથી દોડીઆ,
સબરસ વેચવાને શિશુ નાનાં સંચરે છે.
ઉજમ કમાવા કેરો ઉઠેછે પરોઢીઆ. ૩૩

રમી જમી ફરે નર નારીયો ફિકર તજી,
સ્નેહે સગાં વ્હાલાં તણે સદને સિધાવે છે;
હશી વશી કરે હાસ્ય વાણીનો વિનોદ સખા,
વૃદ્ધને વિવેકે શિસ શિશુઓ નમાવે છે;

શુકન કરાવે એઠ સેવકને સ્નેહ થકી,
ડોચલાને દામ લેતાં ચિત્ત હરખાવે છે.
શ્રીફળ સલામી આપે ઉપરીને આનંદથી;
બરસનો સારાસાર જ્યોતિષી જણાવે છે. ૩૪

દીવળી–સુંદીર સજાવ્યા છે શ્રંગાર નર નારિયોને,
વિમળ ધરાવી વસ્ત્ર ફેરવ્યાં ખુશાલિએ,
ખાનપાનની કરાવી ખુબી ખુશકારી ખુબ;
રંજન કરાવી રોપનાઇ મેડા માળિએ.
સત્તર વિયોગિને સંયોગ તણું આપ્યું સુખ,
શુકન કરાવ્યા સારા એવને સુંવાળિએ;
તોય પણ કાળો મેશવાળી કહે લોક મને;
કૌતિક એ કલંક તો કવિ કહો ટાળીએ. ૩૫

દોહરો.

દુનિયાં દેખે દોષ તે, કાજળ ક્યાં મૂકાય,
નિષ્કલંક નારી બનું, આપો એહ ઉપાય. ૩૬

મનહર.

કવિ કહે કામની તું કંટાળે શું કાજળથી,
મોંઘે મુલે શોધ્યું એનો હાથમાં ન આવશે.
ખુની રાજ દ્રોહીને સ્વદેશના અહિતકાર,
ગુરૂ મિત્ર દ્રોહી મુખે મેશ એ લગાવશે.
નિમકહરામી જારી જુઠા લખનાર લેખ,
લાંચીઆ પ્રપંચી મુખ કાજળે લિંપાવશે;
વિક્રય કન્યાનો કરનાર ભરી કોથળીઓ;

અજબની છાપ એના કપાળે છપાવશે. ૩૭

શ્રંગાર સજીને નરનારી જશે નૃસિંહજી,
ત્યાં ગુલામ ગહોલા તે મેંશ મુખે ચોળશે;
લેણું દેણું પતવશે સારા શાહુકાર ત્યારે,
દગાબાજી દેવાળિયા મુખડાં ઝબોળશે.
પ્રપંચ કરીને પતિવ્રતાને ચુકાવા ચહે,
સતિ તેનું વદન એ કાજળમાં રોળશે,
ચતુરનાં ચિત્ત હરવાને મદમાતી બાળા;
ચૌદશની રાતે આંખે અંજન તો આંજશે. ૩૮

દોહરો.

શેષ રહેશે તે જરા, વર રાજા ધરિ વ્હાલ,
જશે પરણવા ત્યાહરે, ટપકાં કરશે ગાલ. ૩૯

મનહર.

કરજોડી કહે કવિ દીવાળીને વાળી વાળી,
દુનિયાંનો દી વાળશે દીવાળી નામ છાજશે;
પ્રતિકુળે ક્ષ્મ્ય કુળદિપક દીપક તુલ્ય,
પાકનો ન વાંક નીકળે તો ગુણ ગાજશે;
આનંદ દે શરદનાં દરદ કરીને દુર,
સ્વદેશમાં રાજા પ્રજા મજામાં વિરામશે;
ચિતથી ચતુરા તને ચાર ધણી ચ્હાશે લોક,
બિજયા વિજય તારો પ્રતિદિન વાધશે. ૪૦

દોહરા.

દીપોચ્છવિ રીઝી દિલે, પ્રગટ્યો મનમાં પ્રેમ;
આશિષ આપી સંચરી, સદા રહો સૈ ક્ષેમ. ૪૧
આવિશ દ્વાદસ માસમાં, વેશે જો જ્યો વાટ;
આર્ય તેજ અવિચળ તપો, વામા સકળ ઉચાટ. ૪૨

મનહર.

દેવતા ને દુર્લભ આ દીઠા દિન દીવાળીના,
સુખે ગાળી શાલ પુરી કૃપા કરતારની;
આવતી દીવાળીમાં આનંદ એથી થાય અતી,
આશા કરો સફળ શ્રી હરી નર નારની;
સત ધણી સારદા સુ ઉદ્યમ ને સંપ આપો,
કાપો પિડા આળસ ને વિઘ્નના વિકારની;
સોંપી સુખ અચળ અભય કરો ભરત આ,
મહાસુખરામ આપો કળા જય કારની. ૪૩

સમાપ્ત.

જાહેરખબર.

કવિ. માહાસુખરામ નરભેરામનાં રચેલાં પુસ્તકો પૈકી.

કીંમત.

સિતાસ્વયંવર અને હનુમાન.	૦-૮-૦
રંગીલાસખીનો હર્ષ અને દીવાળી.	૦-૧-૦

થોડી મુદતમાં છપાશે.

આત્મોદયની ઈરકી	આવૃત્તિ બીજી.	૦-૪-૦
માહાસુખકૃત રસિક પદમાળા.	સોજન.	૦-૫-૦

આ ચોપડીઓ જેમને જોઈએ તેમણે નીચેને સરનામે. કતો પાસેથી અગર નીચે સહી કરનાર પાસેથી મંગાવી લેવી.

અમદાવાદ.
રાયપુર પખાલી
ની પોળ.

લી. શે.

દલસુખરામ જેઠારામ આચાર્ય.